
TATA SHAKTEE GC SHEET · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ પાંચમ મંગળવાર ૨૧ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૧

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

### નાકાબંધી શરૂ થયા પછી જહાજ કબજે લેવાની પ્રથમ ઘટના

# અમેરિકાએ ઈરાની જહાજ હોર્મુઝ નજીક કબજે કર્યું

» નાકાબંધી તોડીને આગળ વધતા ઇરાની જહાજને રોકાઇ જવાની ચેતવણી આપવામાં આવી

» જહાજ નહીં અટકતા અમેરિકી યુદ્ધ જહાજે તેના પર ગોળીબાર કરીને એન્જિન રૂમમાં કાણુ પાડી દીધું

» એન્જિન બંધ થઇ જતા અટકી ગયેલા જહાજનો કબજો અમેરિકી સૈનિકોએ લીધો

**વૉશિંગ્ટન, તા. 20 :** અમેરિકા દ્વારા ઈરાની ધ્વજ ધરાવતા એક માલવાહક જહાજ પર હુમલો કરી તેને કબજે કરવામાં આવ્યો છે. અમેરિકાનું કહેવું છે કે આ જહાજે રવિવારે હોર્મુઝની સામુદ્રધુની નજીક નૌકાદળની નાકાબંધીનો ભંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે જવાબ આપવાની પ્રતિજ્ઞા લીધી છે, જેના કારણે થોડા દિવસોમાં સમાપ્ત થનારા નાજુક યુદ્ધવિરામ પર પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે.

ગયા અઠવાડિયે ઈરાની બંદરોની અમેરિકી નાકાબંધી શરૂ થયા પછી આ પ્રથમ ઈન્ટરસેપ્શાન (જહાજ આંતરવાની કામગીરી) છે. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે સશસ્ત્ર બોર્ડિંગને 'ચાંચિયાગીરી' અને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવ્યું હોવાનું ત્યાંના સરકારી પ્રસારણકર્તાએ જણાવ્યું હતું. હોર્મુઝની સામુદ્રધુની મુદ્દે અમેરિકા-ઈરાન વચ્ચેનો ગજગ્રાહ તેજ થવા અને બુધવાર સુધીમાં યુદ્ધવિરામ સમાપ્ત થવાને આરે હોવાથી, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અગાઉની જાહેરાત કે જેમાં અમેરિકી વાટાઘાટકારો સોમવારે ઈરાન સાથે નવી મંત્રણા માટે પાકિસ્તાન જશે તેનું ભવિષ્ય હવે અનિશ્ચિત દેખાઈ રહ્યું છે. આ અનિશ્ચિતતાને કારણે તેલના ભાવમાં ફરી ઉછાળો આવ્યો છે અને દાયકાઓનું સૌથી ખરાબ વૈશ્વિક ઉર્જા સંકટ વધુ ઘેરાવાની ભીતિ સેવાઈ રહી છે.

...અનુસંધાન પાના 13 પર



## પચપદ્રા રિફાઇનરીમાં ભીષણ આગ મોદી દ્વારા થનારું લોકાર્પણ મોકૂફ

**79,450** કરોડના પ્રોજેક્ટમાં સુરક્ષામાં ખામી હોવાના વિપક્ષના આક્ષેપો

**કંપનીએ** ખાતરી આપી છે કે તમામ એકમો માળખાગત રીતે સુરક્ષિત

**નવી દિલ્હી-જયપુર, તા. 20:** રાજસ્થાનના બાલોતરા જિલ્લાના પચપદ્રા ખાતે નવનિર્મિત 79,450 કરોડ રૂપિયાની 'એચપીસીએલ રાજસ્થાન રિફાઇનરી' (એચઆરઆરેલ)માં સોમવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ રિફાઇનરીનું લોકાર્પણ મંગળવાર, 21 એપ્રિલના રોજ નિર્ધારિત હતું, પરંતુ આ દુર્ઘટનાને પગલે ઉદ્ઘાટન કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. આગ રિફાઇનરીના મુખ્ય એકમ ગણાતા 'ક્રૂડ ડિસ્ટિલેશન યુનિટ' (સીડીયુ) પાસે લાગી હતી, જેના કારણે આકાશમાં કાળા ધુમાડાના

...અનુસંધાન પાના 13 પર

### યુદ્ધના અંત સુધી ઇરાન આ સામુદ્રધુની પર નિયંત્રણ ઈચ્છે છે

ઈરાનની ધમકીઓ અને અમેરિકાની નાકાબંધી વચ્ચે વિશ્વના આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર જહાજોની અવરજવર ખોરવાયેલી છે. વિશ્વના તેલ વેપારનો લગભગ પાંચમો ભાગ આ સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. ઈરાને અગાઉ ઇઝરાયેલ અને લેબેનોન વચ્ચેના યુદ્ધવિરામ બાદ આ માર્ગ ખોલવાની જાહેરાત કરી

...અનુસંધાન પાના 13 પર

### જહાજને કેવી રીતે અટકાવાયું?: અમેરિકી લશ્કરે વીડિયો જારી કર્યો

અમેરિકન નૌકાદળ દ્વારા ઈરાનના એક માલવાહક જહાજને 'યોગ્ય ચેતવણી' આપ્યા બાદ તેના એન્જિન રૂમમાં બ્લાસ્ટ કરી ગાબડું પાડવાની ક્ષણના નવા ફૂટેજ સામે આવ્યા છે. CENTCOM દ્વારા રવિવારે આ નાટ્યાત્મક વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં અરેબિયન સમુદ્રમાં બંદર

...અનુસંધાન પાના 13 પર



આસામના ગુવાહાટીમાં પ્રી-મોનસૂન વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ના જવાનો બચાવ નૌકા સાથે અસરગ્રસ્તોની મદદ માટે જળબંબાકાર થયેલા રસ્તાઓ પર આગળ વધી રહ્યા છે.

## દેશના અનેક રાજ્યોમાં હીટવેવનો પ્રકોપ

**પ્રયાગરાજમાં** તાપમાન 44.4 ડિગ્રી, ઝારખંડમાં શાળાઓના સમય બદલાયા

**ગુજરાતના** દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 અને 25 એપ્રિલના રોજ ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની આગાહી

**નવી દિલ્હી, તા. 20 (PTI):** ભારતના ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં આગામી 4થી 5 દિવસ પ્રચંડ હીટવેવની આગાહીને પગલે ઉત્તર પ્રદેશ અને ઝારખંડ સરકારે સોમવારે સાવચેતીના પગલાં જાહેર કર્યા છે. બીજી તરફ, આસામમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જેમાં એક મહિલાનું મોત નીપજ્યું છે અને ગુવાહાટીમાં જનજીવન ખોરવાયું છે. હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં 20થી 25 એપ્રિલ દરમિયાન હીટવેવની અસર જોવા મળશે. ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ 44.4 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ રહ્યું હતું, જ્યારે વારાણસીમાં 44.0 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

...અનુસંધાન પાના 13 પર

### દિલ્હી ડાયરી

#### નોઇડા એરપોર્ટનું ઉદ્ઘાટન અને રાજકીય નિશાનબાજી

ઉત્તર પ્રદેશના જેવર ગામમાં નોઇડા ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન એક રાજકીય મંચમાં ફેરવાઈ ગયું. હંમેશ મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ તકનો ઉપયોગ વિરોધીઓ, ખાસ કરીને ઉત્તર પ્રદેશના પ્રાદેશિક પક્ષો સામે રાજકીય લાભ મેળવવા માટે કર્યો, જ્યાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. વડા પ્રધાને આરોપ લગાવ્યો હતો કે, ભૂતકાળની સમાજવાદી પાર્ટીની સરકારે નોઇડાને 'લૂંટ માટેનું એટીએમ' બનાવી દીધું હતું. તેમણે વર્તમાન ભાજપ શાસનને વિકાસના એજન્ટ તરીકે રજૂ કર્યું. બદલામાં, સપા પ્રમુખ અને લોકસભા સાંસદ અખિલેશ યાદવે વડા પ્રધાનના આરોપોનો જવાબ આપવામાં ઉગ્રતા ન દાખવી. હકીકતમાં, તેમણે સીધો વળતો પ્રહાર ટાળ્યો હતો, પરંતુ વડા પ્રધાન મોદીના એક ફોટા સાથે એક માપદંડ મુજબનો સંદેશ પોસ્ટ કર્યો હતો.

યાદવે કહ્યું, "તેઓ આપણા રાજ્યમાં મહેમાન તરીકે આવ્યા છે અને અમે તેમની સાથે મહેમાન જેવો જ વ્યવહાર

...અનુસંધાન પાના 13 પર

તા. ૨૦-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૫° સે. | ૨૫.૮° સે. | ૪૩% |

## અસીમ મુનીરની વિનંતી પછી નાકાબંધી ઉઠાવી લેવાનો ડોનાલ્ડ ટ્રમ્પનો સંકેત

**પાકિસ્તાનના** લશ્કરી વડા અસીમ મુનીરે અમેરિકી પ્રમુખને ફોન કરીને કહ્યું કે આ સમુદ્રી નાકાબંધને કારણે શાંતિ મંત્રણા અવરોધાઇ રહી છે



**વૉશિંગ્ટન, તા. 20 :** તાજેતરના અહેવાલો મુજબ, પાકિસ્તાન આર્મી ચીફ અસીમ મુનીરની વિનંતી બાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પરની દરિયાઈ નાકાબંધી પર પુનઃવિચાર કરવાની તૈયારી દર્શાવી છે. આ પ્રતિબંધ હાલમાં ચાલી રહેલી શાંતિ મંત્રણામાં મુખ્ય અવરોધ બની રહ્યો છે.

પાકિસ્તાની સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, જનરલ અસીમ મુનીરે ટ્રમ્પ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ નાકાબંધી વાટાઘાટોમાં અવરોધરૂપ બની રહી છે. ટ્રમ્પે આ સલાહને ધ્યાને લેવા માટે સકારાત્મક પ્રતિસાદ આપ્યો હોવાનું મનાય છે. બીજી તરફ, ઈરાની સૂત્રોનું કહેવું છે કે જ્યાં સુધી નાકાબંધી ચાલુ રહેશે ત્યાં સુધી મંત્રણામાં આગળ વધવું મુશ્કેલ છે. ઈરાને આ નાકાબંધીને દરિયાઈ ચાંચિયાગીરી સમાન ગણાવી છે. મુનીરે ટ્રમ્પને ફોન કરીને કહ્યું હતું કે આ નાકાબંધી સમજૂતિમાં મોટો અવરોધ બની રહી છે, મુનીરની રજૂઆત પછી ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ આ સલાહ વિચારણા પર લેશે.

ઈસ્લામાબાદમાં યોજાનારી સંભવિત શાંતિ મંત્રણા માટે આ એક મહત્ત્વનો વળાંક સાબિત થઈ શકે તેમ છે. જો અમેરિકા નાકાબંધી હળવી કરે, તો જ ઈરાન વાટાઘાટોના ટેબલ પર આવવા તૈયાર થાય તેવી શક્યતા છે. હાલમાં હોર્મુઝની સામુદ્રધુની અને તેની આસપાસના વિસ્તારોમાં અમેરિકી નૌકાદળની મજબૂત હાજરી છે, જેના કારણે ઈરાનના તેલ નિકાસ પર સીધી અસર પડી રહી છે.

## આજે કરાર થઈ જવાની ડોનાલ્ડ ટ્રમ્પની વાતો વચ્ચે ઈરાન મંત્રણા અંગે અનિશ્ચિતતા

**ટ્રમ્પે** કહ્યું કે વાન્સ પાકિસ્તાન જવા રવાના થઇ ગયા, જ્યારે એક અહેવાલ મુજબ વાન્સ અમેરિકામાં જ છે!

**નાકાબંધી** અને જહાજ પર કબજાના મુદ્દે મંત્રણાથી અળગા રહેવાની ઇરાનનો સંકેત

**વૉશિંગ્ટન, તા. 20 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેના કરાર પર આજે પાકિસ્તાનમાં હસ્તાક્ષર થશે. તેમણે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે આ સમજૂતી આજે જ થઈ શકે છે. આ અગાઉ ન્યૂયોર્ક પોસ્ટ સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ઉપપ્રમુખ જેડી વેન્સ સહિતનું અમેરિકી પ્રતિનિધિ મંડળ વાતચીત માટે ઈસ્લામાબાદ રવાના થઈ ગયું છે અને ગણતરીના કલાકોમાં ત્યાં પહોંચી જશે.

ટ્રમ્પે વધુમાં કહ્યું કે અમેરિકા ઈરાન સાથે મંત્રણા કરવા જઈ રહ્યું છે અને તેમને આશા છે કે આ વખતે કોઈ 'ગેમ' રમવામાં નહીં આવે. આ દરમિયાન પાકિસ્તાન અને ઈરાન વચ્ચે પણ કૂટનીતિક હલચલ તેજ થઈ છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ ઈરાની રાજદૂત રેઝા અમીરી મોગદ્દમ સાથે મુલાકાત કરી હતી, જેમાં અમેરિકા સાથેની સંભવિત મંત્રણા અને પ્રાદેશિક તણાવ ઘટાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જોકે, હોર્મુઝમાં વધતા તણાવ વચ્ચે પાકિસ્તાનમાં બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત થશે કે નહીં, તેને લઈને સસ્પેન્સ યથાવત છે. ટ્રમ્પના દાવાથી વિપરીત અમેરિકાથી એવા અહેવાલ આવ્યા હતા કે જેડી વાન્સ હજી રવાના થયા નથી, અમેરિકામાં જ છે. બીજી બાજુ ઈરાને આક્ષેપ કર્યો છે કે અમેરિકી નૌકાદળ દ્વારા કરવામાં આવેલી નાકેબંધી સીઝફાયર સમજૂતીનું ઉલ્લંઘન છે અને અમેરિકાની ધમકીભરી ભાષા પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહી છે, જેના કારણે વાતચીતની શક્યતા નહિવત જણાય છે. બીજી તરફ, અલ જઝીરાના અહેવાલ મુજબ આ મંત્રણા ઘણા દિવસો સુધી ચાલી શકે છે. આ પ્રયાસોનો મુખ્ય હેતુ એક કામચલાઉ સમજૂતી પર હસ્તાક્ષર કરવાનો છે, જેથી સીઝફાયર લંબાવી શકાય અને મોટા શાંતિ કરાર માટે લગભગ 60 દિવસનો સમય મળી રહે. પરંતુ આ બધું ઈરાનની સહભાગીદારી પર નિર્ભર છે. અમેરિકા દ્વારા કરાતી નાકાબંધીને કારણે ઈરાને અમેરિકા પર યુદ્ધવિરામના ભંગનો આરોપ લગાવીને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ કરી દીધી છે અને તનાવનો માહોલ છે. ટ્રમ્પે એક તરફ સમજૂતિ થઈ જશે તેવી મજબૂત આશા વ્યક્ત કરી છે તો સમજૂતિ નહીં થાય તો ઈરાન પર ભારે બોમ્બમારો થવાની ધમકી પણ આપી છે.

## JEE-Mainમાં 26 ઉમેદવારોએ પૂર્ણ 100 NTA સ્કોર મેળવ્યો

**આ સિદ્ધી** મેળવનાર તમામ પરીક્ષાર્થીઓ પુરુષ, ગુજરાતનો એક પરીક્ષાર્થી

**ગયા વર્ષે** ૨૪ ઉમેદવારોએ આ સિદ્ધી મેળવી હતી

**નવી દિલ્હી, તા. 20(PTI):** નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) એ સોમવારે જાહેરાત કરી હતી કે એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા JEE-Mainમાં 26 ઉમેદવારોએ પૂર્ણ 100 NTA સ્કોર મેળવ્યો છે. વર્ષ 2025માં 24 ઉમેદવારોએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.

જાન્યુઆરીમાં યોજાયેલી આ મહત્વપૂર્ણ પરીક્ષાની પ્રથમ આવૃત્તિમાં 13 લાખથી વધુ ઉમેદવારો બેઠા હતા, જ્યારે એપ્રિલની બીજી આવૃત્તિમાં 10 લાખથી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા. આઠ લાખથી વધુ ઉમેદવારો એવા હતા જે બંને સત્રમાં

...અનુસંધાન પાના 13 પર

## તનાવ ફરી વધતા ઓઈલની કિંમતો ઉછળી, શેરબજારો ગગડયા

**બ્રેન્ટ** ક્રૂડની કિંમત ૬.૫ ટકા વધીને ૯૬.૨૫ ડોલર, યુએસ ક્રૂડ ૬.૪ ટકા વધીને ૮૭.૮૮ ડોલર પ્રતિ બેરલ

**બેંગકોક, તા. 20 (AP):** ઈરાન અને અમેરિકા વચ્ચેના ગતિરોધને કારણે ટેન્કરો હોર્મુઝની સામુદ્રધુનીનો ઉપયોગ કરી શક્યા ન હોવાથી, સોમવારે બજાર ખૂલતા પહેલા જ તેલના ભાવમાં 5 ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો અને વોલ સ્ટ્રીટ નુકસાન તરફ આગળ વધ્યું હતું.

S|P 500 ફ્યુચર્સમાં 0.5 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજના ફ્યુચર્સ 0.6 ટકા ઘટ્યા હતા. નાસ્ડેક ફ્યુચર્સમાં પણ 0.5 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. પર્સિયન ગલ્ફની હોર્મુઝની સામુદ્રધુની જે વિશ્વના 20 ટકા તેલ માટેનો માર્ગ છે તે ઈરાને સામુદ્રધુની ફરીથી ખોલવાના નિર્ણયને ઉલટાવ્યા પછી ફરીથી બંધ કરી દેવામાં આવી હતી. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાની બંદરો પર અમેરિકી નૌકાદળની નાકેબંધી યથાવત છે.

શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જ પર ટ્રેડિંગ ફરી શરૂ થયા પછી અમેરિકી ક્રૂડ ઓઈલની કિંમત ૬.૪ ટકા વધીને ૮૭.૮૮ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ હતી. આંતરરાષ્ટ્રીય માનક ગણાતા બ્રેન્ટ ક્રૂડની કિંમત પણ ૬.૫ ટકા વધીને ૯૬.૨૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી હતી. બજારની આ પ્રતિક્રિયા આ જળમાર્ગને લઈને છેલ્લા બે દિવસથી ચાલી રહેલી આશા અને આશંકાઓનું પરિણામ છે. ઈરાન, જે વાસ્તવમાં આ માર્ગ પર નિયંત્રણ ધરાવે છે, તેણે શુક્રવારે કહ્યું હતું કે તે વ્યાપારી જહાજો માટે આ માર્ગ ફરીથી સંપૂર્ણપણે ખોલી દેશે. આ સમાચારને પગલે ક્રૂડના

...અનુસંધાન પાના 13 પર

## આપણે હવે વિશ્વગુરુ નથી, તે શબ્દ વાપરવાનું ટાળવું જોઇએ: મુરલી મનોહર જોશી

**સંસ્કૃતને** સત્તાવાર ભાષા બનાવવાની ભાજપના પીઢ નેતાની હિમાયત

**ક્વોન્ટમ** કમ્પ્યુટિંગ અને એઆઇ માટે સંસ્કૃત ભાષાની ભૂમિકા નિર્ણાયક બની રહેશે

**નવી દિલ્હી, તા. 20 (PTI):** ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ સોમવારે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસારની હિમાયત કરતા એક મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ભારત અત્યારે 'વિશ્વગુરુ' નથી અને આપણે આ શબ્દનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ. જોશીએ ઉમેર્યું કે, 'આપણે એક સમયે વિશ્વગુરુ હતા તે વાત સાચી, પરંતુ વર્તમાનમાં આપણે એ પદ પર નથી. આપણે ફરી વિશ્વગુરુ બનવાની આકાંક્ષા રાખવી જોઈએ.' આરએસએસ સાથે જોડાયેલ સંસ્થા 'સંસ્કૃત ભારતી'ના

...અનુસંધાન પાના 13 પર